












































# રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે બિરાજતા રે...

**‘બ્રહ્મનિર્ઝર’નો** આ અંક એક વિશિષ્ટ અંક છે. ગયા મહિને મે માસ દરમિયાન પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને રાજી કરવાની ભાવનાથી પરમ દિવ્ય અક્ષરમુક્ત પૂજ્ય પૂર્વાબહેન તથા ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થિત આપણા મંદિરજીની સેવામાં ભક્તિ અર્પણ કરતા સૌ સંતો-પૂજારીજીઓએ શ્રી ઠાકોરજી મહારાજને તેઓની જ પ્રેરણા અને કૃપાશિષથી અત્યંત સર્જનાત્મક વાઘાજીના શ્રૃંગાર અર્પણ કર્યા. સૌના ભાવ અને હૃદયની નીતરતી ભક્તિને સ્વીકારી આખા મે માસ દરમિયાન શ્રી ઠાકોરજી મહારાજે પણ આ સર્જનશીલ વાઘાના શ્રૃંગાર પ્રેમથી સ્વીકાર્યા અને અતિ મનોહર દર્શન આપ્યાં.

નિત્ય પ્રત્યે દેશ અને દુનિયામાં વસતા સૌ સંતો-ભક્તોએ જ્યારે મંગલ પ્રભાતે શણગાર આરતી દરમિયાન શ્રી ઠાકોરજી મહારાજના દિવ્ય ભક્તિસભર શ્રૃંગાર સાથે દર્શન પ્રાપ્ત કર્યાં, ત્યારે પરમ આનંદ સાથે પૂજ્ય પૂર્વાબહેન તથા સર્વ સંતો-પૂજારીજીઓ પ્રત્યે નતમસ્તકે ધન્યભાવ વ્યક્ત કર્યા. આ ભક્તિ સ્વયં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીએ પણ સ્વીકારી અને પોતાના હૃદયની પ્રસન્નતા વરસાવી નિર્દેશ કર્યો કે, ‘જૂન માસના ‘બ્રહ્મનિર્ઝર’ના અંકમાં શ્રી ઠાકોરજી મહારાજે અત્યંત કલાત્મક વાઘાજી સ્વરૂપે અક્ષરમુક્તો તથા સંતોની જે ભક્તિને સ્વીકાર કરી છે તે દિવ્ય ભક્તિનાં સૌને દર્શન કરાવીએ અને આ દિવ્ય દર્શનને શાશ્વત કરીએ.’ તદ્અનુસાર ‘બ્રહ્મનિર્ઝર’નો આ વિશિષ્ટ દિવ્ય દર્શન અંક શ્રી ઠાકોરજી મહારાજ, પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ સંતો-હરિભક્તોને હૃદયનાં ભાવવંદન સહ અર્પણ કરતાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

સા. શ્રી... ~ સાધુ મનોજદાસ



દર્શન તારીખ : ૧ મે, ૨૦૨૫

કાજુ, બદામ, અખરોટ, ઈલાયચીનો સજ્યો છે શણગાર,
ચિત્ત ચોરે, મન મોહે પ્રાણાધાર !



દર્શન તારીખ : ૩ મે, ૨૦૨૫

૧૫૦૦ નંગ કંઠીના વાઘાનાં દર્શન અતિ સુખકારી,
લગની લાગી દિન-રૈન કુંજવિહારી તમારી !




આભલાં, મોતી, તૂઈ ધારી મહારાજે,
રૂપ જોઈ કોટિક કામ લાજે !




જળકમળવત્ રહેવાના દે છે ઉપદેશ,
ધાર્યા શ્રીહરિએ કલાત્મક પરિવેશ !




મોગરાનાં ફૂલ સખી, મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ !




બાળ મન મનોહરે ધારણ કર્યા ચોકલેટના શણગાર,
સુંદર શોભતા રે ધર્મકુમાર !




ઈલાયચીની કોટી અને કંઠીની ધોતી,
જોતાં સ્નેહ ઉપજે અતિ !




જરદોશી ઝૂલ, આભલાં ભરપૂર,
અંગોઅંગમાં જાણે આનંદ અગણિત પૂર !




મણકાની સેર, મોતીડાંની માળ,
શ્રીજીએ સજ્યા અદ્ભુત શણગાર !




માળાના મણકે શ્રીજી શોભે, હૈડે હાર દિલડું વીંધે,
મારા રસિયા માણિગર માવાને જોઈ મનડું રીઝે !



દર્શન તારીખ : ૧૫ મે, ૨૦૨૫

સિક્કા ચલણના શોભે છે વાઘામાં,
ગુલતાન થયા શ્રીહરિ તારી છબી જોતાંમાં !



દર્શન તારીખ : ૧૬ મે, ૨૦૨૫

આભલડાં ભૂરાં હેમનાં રે, તમે પહેર્યાં પ્રીતમ પ્યારા;
નટવર રાખું નેણમાં રે, નિત મોહન જીવન મારા !



દર્શન તારીખ : ૧૭ મે, ૨૦૨૫

નાડાછડી અને કપૂરના વાઘા ઘણા મનોહર,
જોતાં ચિતડું ચોરે ધર્મકુંવર !



દર્શન તારીખ : ૧૮ મે, ૨૦૨૫

ચલણી નોટોના વાઘા કલાત્મક,
શોભે અતિ એકાંતિક ધર્મના સ્થાપક !



દર્શન તારીખ : ૧૯ મે, ૨૦૨૫

કુદરતી દશ્ય જે કલ્પ્યું વારંવાર,
સર્જક તેના સ્વયં આજે સજ્યા તે આકાર !



દર્શન તારીખ : ૨૦ મે, ૨૦૨૫

હંસ ચરે મોતીનો ચારો,
ભક્તને કેવળ ભગવાનનો આશરો !



દર્શન તારીખ : ૨૨ મે, ૨૦૨૫

મખાના, વરિયાળીના શણગાર થકી ભક્તનો પોકાર,
'હે પ્રભુ ! હું તારો, તું મારો', આ પ્રાર્થના સ્વીકાર !



દર્શન તારીખ : ૨૩ મે, ૨૦૨૫

સૂકી દ્રાક્ષના કલાત્મક વાઘા ધાર્યા શ્રીહરિએ,
સાહેબજી સંગ અષ્ટસખા શોભે છે તે માંહે !




અંગોઅંગ સજ્યા ચાંદીના અલંકાર, શોભે ભક્તિના ચમકાર,
ઘણી ખમ્મા શ્રી સહજાનંદજી મહારાજને ! ધાર્યા આજ રજત શણગાર !




પાંત્રીસ પ્રકારનાં અનાજ-કઠોળથી ભક્તે બનાવ્યા આ પરિવેશ,
હે હરિવર ! અમ વિચાર વાણી વર્તનમાં રહો સદા તવ પ્રવેશ !



દર્શન તારીખ : ૨૬ મે, ૨૦૨૫

મોરપીછ, આભલાંની તૂઈ દિલડું ઘેલું કરે,
દર્શન કરતાં મન મોર બની થનગાટ કરે !




દર્શન તારીખ : ૨૯ મે, ૨૦૨૫

માળાના શણગારે આજ શ્રી સ્વામિનારાયણ સજ્યા,
તે પ્રસાદીની માળા મેળવી, ભક્તોનાં હૈયાં તૃપ્ત થયાં !



દર્શન તારીખ : ૩૦ મે, ૨૦૨૫

નાગરવેલનાં પાન, સોપારીથી સજ્જ વાઘામાં દર્શન દે છે હરિરાય,
નીરખતા આ શોભા, સૌનાં હૈયાં પરિતૃપ્ત થાય !



દર્શન તારીખ : ૩૧ મે, ૨૦૨૫

વાઘામાં શોભે કમળ કળી અને પુષ્પની માળ,
મોહન તારી મૂર્તિ જોઈ ભૂલું છું તન ભાન !



દર્શન તારીખ : ૧ જૂન, ૨૦૨૫

ફૂલડાંની ફોર પતંગિયાનો ગુંજાર,
ધરીને મૂર્તિ જાણે આવ્યો રસ શ્રૃંગાર !




દર્શન તારીખ : ૨ જૂન, ૨૦૨૫

ચંદન ગોટી સંગ શોભે તિલકિયાં,
નિરખતાં ગાય મન પંખી ગીતડાં !




દર્શન તારીખ : ૩ જૂન, ૨૦૨૫

કાજુ, મરી, લવિંગની શોભા સ્મૃતિ કરાવે અપ્રતિમ,
વાઘામાં છલકે 'ગુરુઆજ્ઞા મંત્ર દીક્ષા દિન' !



દર્શન તારીખ : ૪ જૂન, ૨૦૨૫

સુખડના શણગાર અતિ પ્યારા,
મનડે વસે પ્રાણદુલારા !




દર્શન તારીખ : ૫ જૂન, ૨૦૨૫

મોતીથી રચ્યાં કલ્પવૃક્ષનાં જે પાન, ધારણ કર્યાં પ્રભુએ હેતે અપાર,
માંગો એ મળે, શોધો એ જડે; આશીર્વાદ દે છે દયાળ !



દર્શન તારીખ : ૬ જૂન, ૨૦૨૫

રજત-સુવર્ણના વાઘા અનુપમ,
ગંગા-જમનાનો જાણે સંગમ !